# માહિતીનો અધિકાર આવ્યો, ભ્રષ્ટાચારનો અંત લાવ્યો




- હજુ અનાજ આવ્યુ નથી, અઠવાડીયા પછી આવશે
- પહેલા ઘર બાંધો, પછી યોજનાનો ચેક મળશે
- આ યોજના તો બંધ થઈ ગઈ.
  આવો જવાબ મળે, ને આપણે ધક્કા ખાવાના?
- ગામનો નકશો ? ગ્રામસભાના ઠરાવો ?
  પંચાયતના ખર્ચનો હિસાબ ?
  સામાજિક ન્યાય સમિતિની વિગત ?
  આ માહિતી તમને ના મળે,
  એ તો **સરકારી કહેવાય**

મામુ, તમને **મામા** બનાવે છે.
કારણ કે સાચી વાત તમને ખબર પડી જાય તો ?
તો, તેમનો ભ્રષ્ટાચાર ખુલ્લો પડી જાય
પણ તમારે સાચી માહિતી જોઈએ છે ? તો,
**માહિતીના અધિકાર**નો હક્કથી ઉપયોગ કરો

**માહિતીનો અધિકાર એટલે,**

- કામ, દસ્તાવેજો અને દફતર ચકાસણીનો અધિકાર
- નોંધ કરવાનો, ઉતારો લેવાનો કે પ્રમાણિત નકલ લેવાનો અધિકાર
- નમૂનાઓ લેવાનો અધિકાર
- ઇલેક્ટ્રોનિક્સ સાધનોથી માહિતી મેળવવાનો અધિકાર
- એવી માહિતી કે જે બહાર આવવી જાહેર હિતમાં આવશ્યક હોય તે મેળવવાનો અધિકાર
- માહિતી કે જે સંસદ કે રાજ્ય વિધાનસભાના સભ્યને નકારી શકાય નહિ તે કોઈપણ વ્યક્તિને નકારી શકાશે નહિ.

**માહિતીના અધિકારને લીધે,**

- વહિવટમાં પારદર્શકતા આવશે.
- ભ્રષ્ટાચાર ઉપર નિયંત્રણ આવશે, નાબૂદ થશે.
- તમારા કામની પ્રગતિ જાણી શકાશે.
- વહીવટી કાર્યમાં જવાબદારી નક્કી થશે.
- વહીવટી કામ ઝડપી અને સરળ બનશે.
- ગેરમાર્ગે દોરનારા, ભ્રષ્ટાચાર કરનારા, માહિતીના અભાવને લીધે વચેટીઆ બની પૈસા ખાનારનો અંત આવશે.

**માહિતી મેળવવા માટે,**

- આપને જે માહિતીની જરૂર હોય તેને લાગતી વળગતી કચેરીમાં "માહિતી અધિકારી"ને નિયત નમૂનામાં અરજી કરો.
- અરજી કરનાર વ્યક્તિ ભારતનો નાગરિક હોવો જોઈએ.
- માહિતી મેળવવા જરૂરી ફી ભરવી જોઈએ.
- બી.પી.એલ.માં આવતી વ્યક્તિએ કોઈપણ ફી આપવાની રહેતી નથી.
- અરજીની એક નકલ અરજી કરનારે રાખવી તેના ઉપર જે તે કર્મચારીને અરજી આપ્યાની સહી કરાવવી અથવા પહોંચ મેળવવી.

**આટલું ન કરો,**

- એક કરતા વધુ ખાતા કે કચેરીને લગતી માહિતી એક જ અરજીમાં ન કરો, પરંતુ જુદી જુદી અરજી કરો.
- માહિતી જેની પાસેથી મળી શકે તેને જ/તે જ ખાતા-કચેરીને અરજી કરો (મુખ્યમંત્રી, વડાપ્રધાન, રાષ્ટ્રપતિ વિગેરેને અરજી ન કરો)
- સામાન્ય રીતે જે કક્ષાએ માહિતી મળી શકતી હોય ત્યાં જ અરજી કરો. (ગામની ગામના સ્તરે, તાલુકાની તાલુકા સ્તરે, જિલ્લાની જિલ્લા સ્તરે)

**જાણી લે તું માહિતીનો "કાયદો"**
**ઉઠાવી લે હવે એનો "ફાયદો"**
**માહિતીનો ના તું કરતો "સોદો"**

**વિકલ્પ**
એ/૮, આનંદ ટેનામેન્ટ, વસ્ત્રાપુર રેલ્વે સ્ટેશન પાસે, વેજલપુર, અમદાવાદ-૩૮૦ ૦૫૧.